**જન્મદિને વધામણી**



**ગુણવંતરાય થાનકી**
ટ્રસ્ટી, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ (૨૯-૧૦-૧૯૪૧)
મો. ૯૪૨૮૦ ૧૭૭૪૮



**રૌનિક સ્નેહલ ગાંધી**
(૨૯-૧૦-૨૦૦૮) મો. ૯૮૭૯૬ ૧૪૮૩૯
ફોન : ૨૩૨ ૪૭૨૭૭







શરદપૂર્ણિમા નિમિત્તે જહાન્વી ફાર્મ ખાતે જહાન્વી ફાર્મ અને આદિત્ય પુરોહિત દ્વારા 'શરદપૂનમની રઢિયાળી રાત' નામક ગરબા કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જાણીતાં બૉલીવૂડ ગાયિકા પામેલા જૈન ગાયક કલાકાર તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. ફિલ્મી-નોનફિલ્મી ગરબાના તાલે ખેલૈયાઓ મસ્તીપૂર્વક ગરબે ઘૂમ્યાં હતાં, જે કારણે આવાં સુંદર દૃશ્યોનું સર્જન થયું હતું. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## પી કે ચૌધરી મહિલા કૉલેજમાં યુવા મતદાર મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૮

સૅક્ટર-૭ ખાતે કાર્યરત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે યુવા મતદાર મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ મહોત્સવ દરમ્યાન વિદ્યાર્થીનીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પોસ્ટર મેકીંગ, હસ્તકલા, ગ્લાસ પેઈન્ટીંગ, કાર્ટૂનીંગની સ્પર્ધા સામેલ હતી. સ્પર્ધામાં વિજેતા નીવડેલી વિદ્યાર્થીનીઓની કૃતિઓને જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીનીઓને કૉલેજનાં આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરી અને ઈલેક્શન ડેઝીગ્નેટેડ ઑફિસર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સરદાર પટેલને ૩૧મીએ પુષ્પાંજલી

ગાંધીનગર, તા. ૨૮

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ૩૧ ઑક્ટોબરના પુષ્પાંજલીનો કાર્યક્રમ સરદાર સાહેબની પ્રતિમા, સૅક્ટર-૧૦, વિધાનસભા પટાંગણ ખાતે સવારે ૮.૧૫ કલાકે યોજવામાં આવ્યો છે. સરદાર પટેલ જન્મ જયંતિ ઉજવણી સમિતિના કન્વીનર વિક્રમભાઈ પટેલ તરફથી આ પ્રસંગે સરદારપ્રેમી નાગરિકોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

## સ્કૂલ ઓફ અચિવરમાં વ્યાખ્યાન શ્રેણી યોજાઈ











ગાંધીનગર, તા. ૨૮

પ્રતિવર્ષ સ્કૂલ ઓફ અચિવરમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન 'એક્ટિવિટી ફિએસ્ટા' અંતર્ગત થાય છે. આ વર્ષે પણ 'એક્ટિવિટી ફિએસ્ટા-૨૦૧૫'ની ઉજવણી થઈ રહી છે. આ વર્ષે ફિએસ્ટા અંતર્ગત વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે વ્યાખ્યાનશ્રેણીનું પણ આયોજન થયું છે. અત્યાર સુધીમાં વિદ્યાર્થીઓ માટે વ્યક્તિત્વ વિકાસને ઉપયોગી ત્રણ વ્યાખ્યાન યોજાઈ ચૂક્યાં છે.

તા.૨૦ ઓક્ટોબરના રોજ ગઢ (બનાસકાંઠા) હાઈસ્કૂલના પ્રિન્સીપાલ શ્રી જે.કે.સુથારનું વ્યાખ્યાન ગોઠવાયું હતું. શ્રી જે.કે.સુથારે કેટલાક પ્રયોગોને વ્યાખ્યાન સાથે સાંકળી સમાજમાં ઘર કરી ગયેલી અંધશ્રદ્ધાને દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો. 'ચમત્કારોની ભીતરમાં' શીર્ષક હેઠફ કહેવાતા ચમત્કારો કેવી રીતે થતા હોય છે, તે પ્રયોગો દ્વારા સાબિત કરી વિદ્યાર્થીઓના માનસમાં વૈજ્ઞાનિક વલણ કેફવવાનો સફળ પ્રયત્ન કર્યો હતો. વિદ્યાર્થીઓમાં આ સેશને ખૂબ આકર્ષણ જમાવ્યું હતું.

તા. ૨૧ ઓક્ટોબરના રોજ આઈપીએસ શ્રી ગિરીશ સિંઘલનું વક્તવ્ય 'કાયદો અને વ્યવસ્થા અંગેની જાગૃતતા' શીર્ષક હેઠળ યોજાયું હતું. ધોરણ-૯-૧૦ ના વિદ્યાર્થીઓ માટે ગોઠવાયેલા આ પ્રવચનમાં શ્રી ગિરીશ સિંઘલે સમાજમાં વધતી જતી ગુનાખોરી તરફ ઈંગિત કરી તેનાં કારણો તથા નિયંત્રણના ઉપાયો દર્શાવ્યા હતા. બંધારણ અને કાયદાઓ પ્રત્યેની જાગૃતિને લક્ષ્ય બનાવી સમાજ અપરાધમુક્ત બને તેવી અપેક્ષા સેવી હતી.

તા. ૨૩ ઓક્ટોબરના રોજ માહિતી ખાતાના મદદનીશ નિયામક શ્રી હિરેન ભટ્ટનું વ્યાખ્યાન 'પત્રકારત્વમાં એક ડોકિયું' યોજાયું હતું. શ્રી ભટ્ટનું આ વ્યાખ્યાન વિદ્યાર્થીઓના મસ્તિષ્કમાં પત્રકાર થવાનું સપનું સજાવવામાં સફળ રહ્યું હતું. સફફ પત્રકારત્વનાં લક્ષણો તથા પત્રકારના ગુણ દોષ વિશે ચર્ચા કરી તેઓએ વર્તમાનપત્રો અને સામયિકોના પ્રકાશનની પ્રોસેસ પણ સમજાવી હતી. વ્યાખ્યાનશ્રેણી વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી રહી હતી. શ્રેણીના અંતે વિદ્યાર્થીઓ તરફથી ખૂબ જ હકારાત્મક પ્રતિપુષ્ટિ મળી હતી.

## બાળ યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં લીંબોદરા શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, ચિલોડા ખાતે તાજેતરમાં બાળ યુવા પ્રતિભા શોધ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી ૬ વિદ્યાર્થીઓએ પ્રદેશ કક્ષાના યુવા ઉત્સવમાં પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. આ વિજેતા વિદ્યાર્થીઓમાં વિશ્વરાજ વાઘેલા (અ વિભાગ, લોકવાદ્ય), ધાર્મિક ગોસ્વામી (બ વિભાગ, લોકવાદ્ય), સ્નેહલ વાઘેલા (ચિત્ર), રિયા ગોસ્વામી (લોકવાર્તા), અંકિતા વાઘેલા (દોહા, છંદ, ચોપાઈ) તથા દિયા પટેલ (સર્જનાત્મક કામગીરી) સામેલ હતાં, જેમણે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત વક્તૃત્વ સ્પર્ધામાં ગાયત્રી વાઘેલા, નિબંધ સ્પર્ધામાં મિતરાજ વાઘેલા, એકપાત્રીય અભિનયમાં જાસ્મીત વસાવાએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને વિશાલ થોરાત દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આચાર્ય તેજસિંહ પરમારે વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

## રાજ્યકક્ષાની ફૂટબૉલ સ્પર્ધામાં માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વિતિય



ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય રમતગમત વિભાગ દ્વારા તા. ૨૩, ૨૪, ૨૫ ઑક્ટોબર, ૨૦૧૫ના રોજ ખેડા જિલ્લાના મહુધા મુકામે રાજ્યકક્ષાની અન્ડર-૧૪ ફૂટબૉલ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર જિલ્લાની માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાજ્યમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વિદ્યાર્થીનીઓને કોચીંગ આપનાર હિમાંશુબેન ચૌહાણ, વ્યાયામ શિક્ષક રાકેશ બી શાહ અને રમનાર ખેલાડીઓને શાળા પરિવાર વતી આચાર્યા સિસ્ટર રેણૂકા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ વિજેતા ટીમમાં સિમરન ભાટીયા, જહાન્વી નિમાવત, રવિના માલથંકર, ઈશા વકેરિયા, હેમાની ગોસ્વામી, પ્રિયંકા પ્રજાપતિ, વિધિ પટેલ, ફોરમ પટેલ, લીસા કછોડ, દિયા ભાર્ગવ અને રીયા કુવાર દ્વારા શાનદાર રમતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## પ્રેરણા વિદ્યાલયની ટીમ રાષ્ટ્રકક્ષાની ફૅન્સીંગ સ્પર્ધા માટે પસંદગી પામી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાની ફૅન્સીંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી શાળા તથા ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

તાજેતરમાં જામનગર ખાતે આયોજિત રાજ્યકક્ષાની ફૅન્સીંગ સ્પર્ધામાં આ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમાં વિજેતા દેખાવ કરી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

અન્ડર-૧૯ વિભાગમાં ફોઈલમાં મિતેષ યાદવ પ્રથમ ક્રમે તથા ઈપીમાં મનિષ યાદવ અને રસના ઠાકોર દ્વિતિય ક્રમે વિજેતા બન્યા હતા. આ વિજેતા ખેલાડીઓને શાળા પરિવાર વતી પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રી તથા ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તરફથી બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## લીંબોદરામાં સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૨૮

પુનિતધામ જૈનતીર્થના આચાર્ય શ્રી પ્રસન્નકીર્તિસાગરસૂરીજી તથા મુનિવર્ય ભવ્યકીર્તિસાગરજીની ઉપસ્થિતિમાં દાતા દુષ્યંતભાઈ શાહ તથા નિર્મિત શાહ (હાલ કૅનેડા)નો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. સાથે-સાથે લીંબોદરા કુમાર શાળાના આચાર્ય જસવંતસિંહ ભાટી (શ્રેષ્ઠ શિક્ષક)નો પણ સન્માન સમારોહ લીંબોદરા સેવા સમાજ, પુનિતધામ તથા ગ્રામજનો તરફથી યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય ગજેન્દ્રસિંહ વાઘેલા, લીંબોદરા સેવા સમાજના ટ્રસ્ટીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં જય પ્રસન્ન ઈંગ્લિશ સ્કૂલનાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

શાળાના આચાર્ય તેજસિંહ પરમારે ગ્રામ્ય વિસ્તારની પ્રથમ સ્માર્ટ બૉર્ડ ધરાવતી સ્કૂલની પ્રવૃત્તિઓથી માહિતગાર કરી મહેમાનો પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
શાનદાર
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
શાનદાર
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫

**સ્ક્રીન-૩**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૧૫
તલવાર
૧.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૩.૪૫
૧૦ ઈન્દ્રાધુકુલ્લા (તમિલ)
૬.૪૫
શાનદાર
૯.૪૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧૧.૦૦
પ્યાર કા પંચનામા-૨
૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

## રંગ અવધૂતજીના શિષ્ય નર્મદાનંદજી બ્રહ્મલિન

ગાંધીનગર, તા. ૨૮

દત્તાત્રેય ભગવાનના ઉપાસક પૂ. શ્રી રંગ અવધૂત મહારાજના શિષ્ય નર્મદાનંદજી આસો સુદ અગિયારશ ને શનિવારના રોજ બ્રહ્મલિન થયા, જેમણે અંકલેસ્વર ઉછાલી ગામ ખાતે શ્રી દત્ત આશ્રમની સ્થાપના કરી હતી.

પૂ. નર્મદાનંદજી એક સંત ઉપરાંત એક સારા સાહિત્યકાર (લેખક) અને માર્ગદર્શક (શિક્ષક) હતા. તેમણે પોતાના અંગત જીવનના અનુભવો પોતાની હયાતીમાં જ 'સાધકની સ્વાનુભવ કથા' અને 'મારી નર્મદા પરિક્રમા' નામથી પુસ્તકરૂપે લખ્યા હતા. પુસ્તક બે ભાગમાં પ્રકાશિત થયું છે, જેમાં તેમણે પોતાના જીવનનું વૃતાંત અને અનુભવોનું ભાવવાહી વર્ણન કર્યું છે.

આ ગ્રંથમાં નર્મદાજીના કિનારાનાં ગામો, પરિક્રમા દરમ્યાન આવતાં વિઘ્નો, પરિક્રમામાં થતી સાધના, દત્ત સ્વરૂપનાં થતાં દર્શનો તથા મા નર્મદાનાં અનેક ગુણગાન પણ કરવામાં આવ્યાં છે.

મહારાજના અનુયાયીઓ ગુજરાતભરમાં સ્થાયી છે, જેમાં ભરૂચ, વડોદરા, અમદાવાદ અને ગાંધીનગરનું નામ પણ સામેલ છે.

પૂ. નર્મદાનંદજીએ સમાજને ધર્મની બહુ સરળ સમજ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ધર્મનો પ્રચાર નહીં, આચાર મોટો હોવો જોઈએ. 'પરસ્પર દેવો ભવ'નું સૂત્ર તેમણે માનવસમાજને આપ્યું હતું. અર્થાત એકબીજાને આપણે દેવદૃષ્ટિથી જોતાં શીખવું જોઈએ, એવી શીખ તેમણે સમાજને આપી હતી.

ધર્મ વિવાદનો નહીં, આચરણમાં ઉતારવાનો વિષય છે એવો સંદેશ તેમણે આપ્યો છે.

# નવી શિક્ષણનીતિ કઈ દિશામાં ?



**કૅમ્પસ**
**દ્વનિલ પારેખ**

સામાન્ય રીતે એવું બનતું આવ્યું છે કે એક સરકાર પછી બીજી સરકાર આવે ત્યારે ત્યારે એ નવી નીતિઓ લઈને આવે છે. નવી સરકારને આગળની સરકારે જે નીતિઓ જાહેર કરી હોય છે એ બહુ માફક આવતી નથી અને એમાં એ ધડમૂળથી ફેરફાર કરવા માગતી હોય છે. કેટલાંક ક્ષેત્રો એવાં છે કે જેમાં વારંવાર નીતિઓ બદલવામાં આવે તો સરવાળે એ ક્ષેત્રને નુકસાન પહોંચતું હોય છે. શિક્ષણનું ક્ષેત્ર એવું જ એક ક્ષેત્ર છે. કેન્દ્રમાં ભાજપની સરકાર આવી એટલે નવી નીતિઓ લાગુ કરવાની પ્રક્રિયા જોરશોરથી શરૂ થઈ.

અત્યારે આપણા દેશમાં નવી શિક્ષણનીતિ વિશે ચર્ચા ચાલી રહી છે, એ નિમિત્તે પરિસંવાદો, ચર્ચાસભાનાં આયોજનો થઈ રહ્યાં છે. આ બધાથી શું નવનીત નીકળશે એ તો ખબર નથી પણ શિક્ષણ ક્ષેત્રે ફરી પરિવર્તનનાં એંધાણ આવી રહ્યાં છે અને કશુંક નવું થશે એવું હાલ તો બધી ચર્ચા પરથી લાગી રહ્યું છે.

દેશમાં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે યુજીસીના ધારાધોરણો સહુએ સ્વીકારવા પડતા હોય છે. યુજીસી દેશમાં ઉચ્ચ શિક્ષણનીતિ નક્કી કરે છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળ યુજીસીનો સમાવેશ કરવામાં આવે છે. આ મંત્રાલયની દેખરેખ હેઠળ યુજીસી કાર્યરત હોય છે. યુજીસીના જે તે ચેરમેનને પણ કેન્દ્રીય મંત્રી જેવો જ દરજ્જો આપવામાં આવે છે. આ ચેરમેનની ભૂમિકા પણ શિક્ષણનીતિ ઘડવામાં મહત્ત્વની હોય છે અને એના અમલીકરણ માટે પણ એમની ભૂમિકા અગત્યની હોય છે.

કેન્દ્રમાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે દેશમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જે મોટું પરિવર્તન આવ્યું તે સેમેસ્ટર પ્રથા બધાં વિષયોમાં દાખલ થઈ. ગુજરાત અને અન્ય રાજ્યોમાં તો શાળાકીય શિક્ષણમાં પણ સેમેસ્ટર પ્રથા દાખલ થઈ. સેમેસ્ટર પ્રથાને દાખલ થયાને એક દાયકો પણ થયો નથી ને એનાં કડવાં ફળ ચાખવા મળી રહ્યાં છે અને આ પ્રથા દરેક વિષયમાં દાખલ ન કરી શકા યએ સમજાયું છે. મારો અંગત અનુભવ એવું કહે છે કે સેમેસ્ટર પ્રથાએ શિક્ષણની ગુણવત્તા ઉપર સીધી અસર પહોંચાડી છે. અધ્યાપક અને વિદ્યાર્થી પરીક્ષાલક્ષી થયો છે. (પહેલાં નહોતાં એવું કહેવાનો ઈરાદો છે.) એક પરીક્ષાનું પરિણામ આવે કે ન આવે, બીજી પરીક્ષા મોં ફાડીને ઊભી જ હોય! આ બધા વચ્ચે પાછો નિયત કરેલો અભ્યાસક્રમ ફૂટબૉલની જેમ અહીંથી તહીં ઉછળ્યા કરે. અભ્યાસક્રમ પૂરો થાય કે ન થાય, વિદ્યાર્થીઓ કશું શીખે કે ન શીખે, પરીક્ષા તો લેવાની જ! જે નવી શિક્ષણનીતિનિ હાલ ચર્ચા ચાલી રહી છે, એમાં સેમેસ્ટર પ્રથા સામે ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે ને સાથે સાથે મૂલ્યનિષ્ઠ શિક્ષણ સામે ઝોક અપાવો જોઈએ એવી વાતો પણ થઈ રહી છે. મૂલ્યનિષ્ઠ શિક્ષણ આપવા તરફ ઝોક હોય તો વિનયન વિદ્યાશાખાની અવગણના થઈ શકે એમ નથી. કળા અને માનવવિદ્યાપ્રવાહના શિક્ષણ દ્વારા જ વધુમાં વધુ મૂલ્યનિષ્ઠા તરફ આગળ વધી શકાય એવું હું દૃઢપણે માનુંછું. મૂલ્યનિષ્ઠ શિક્ષણ આપવા પ્રત્યે સરકાર સજાગ છે એ આનંદની બાબત છે પણ એ સજાગતા અમલીકરણમાં વધુ ને વધુ પારદર્શક રીતે દેખાવી જોઈએ. નવી શિક્ષણનીતિ મૂલ્યનિષ્ઠ શિક્ષણની દિશામાં આગળ વધે અને એ પ્રકારે અભ્યાસક્રમોનું માળખું ઘડાય એ તાતી જરૂર છે. નવી સરકાર આવે એ સાથે નવી શિક્ષણનીતિ આવે એ એક સ્વાભાવિક પ્રક્રિયા છે અને એવું જ બનતું આવે છે પણ એ પ્રક્રિયામાં શિક્ષણની ઘો ન નીકળે એ પણ જોવાનું રહે!





ગાંધીનગર મૅડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા સૅક્ટર-૧૨ ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે ગરબા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓ મોજથી ગરબે ઘૂમ્યા હતા. **(તસવીર : કશ્યપ નિમાવત)**